**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૨.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૭ ટકા

# મકરસંક્રાંતિ પર્વે શેરડી, બોરની હાઈ ડિમાન્ડ

## કાળી શેરડી ૫૦ રૂ., સફેદ શેરડી ૩૦ રૂ., બોર ૧૦૦ રૂ. અને જામફળ ૧૨૦ રૂ. કિલોના ભાવે વેચાય છે

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે બજારમાં કાળી શેરડી, બોર, જામફળ, સફેદ શેરડી પુષ્કળ પ્રમાણમાં જોવા મળી રહી છે. મકરસંક્રાંતિ નિમિત્તે ચીકી, ઉંધિયું તો પતંગરસિકો માટે હોય જ છે પરંતુ કાળી શેરડી, બોર, જામફળ ખાવાની મજા અલગ હોય છે. સફેદ શેરડી કરતાં ગૃહિણીઓ કાળી શેરડીની ખરીદી વધારે કરે છે તેથી બજારોમાં કાળી શેરડીની ધૂમ આવક થઈ છે. મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. જામફળનો ભાવ ૧૨૦ રૂ. કિલો, બોરનો ભાવ ૧૦૦ રૂ. કિલો, કાળી શેરડીનો ભાવ ૫૦ રૂ. કિલો જયારે સફેદ શેરડી ૩૦ રૂ. કિલોના ભાવે વેચાય છે.



મકરસંક્રાંતિ મહાપર્વ પર બોર, શેરડી અને જામફળ ખાવાની સાથે દાન કરવાનું પણ મહત્વ છે જેના લીધે બજારોમાં ધૂમ વેચાણ શરુ થયું છે. મકરસંક્રાંતિ પર્વમાં સુરતી ઉંધિયું, જલેબી, ખીચડો, બોર, જામફળ, શેરડી જેવા ફળો વગર મકરસંક્રાંતિની મજા ન જામે શબરીના બોર એ ખાસ શિયાળાનું રાનફળ છે. જે નાના મોટા સૌને ભાવતું ફળ છે. ચણીબોર સ્વાદિષ્ટ, લોહીવર્ધક અને ત્રિદોષને શમાવે છે. નાનામણકા જેવડાં ચણી બોર સૌને ભાવે છે જેની ડિમાન્ડ વધારે હોય છે. મોટા રાજબોર જેને રાંદેરી બોર પણ કહે છે તેમાં ગર વધુ હોવાથી સુપાચ્ય નથી. તે પચવામાં ભારે હોય છે. જો કે તેમાં પૌષ્ટિકતા પણ ભારોભાર હોય છે. આયુર્વેદ તેને વાયુનાશક ગણાવે છે. જામફળને ઊર્જાદાયી ફળ તરીકે ઓળખવામાં આવે છે. ઉપરથી લીલાછમ અને અંદરથી લાલમ લાલ જામફળ જોઈને કોનું મન ન લલચાય. માર્કેટમાં લારીઓમાં સુંદર રીતે ગોઠવેલા ફળોને જોઈને જ ગ્રાહકોને ખરીદી કરવાની ઈચ્છા થઈ જતી હોય છે. શેરડીમાં લોહતત્વ, ફોસ્ફરસ, કેલ્શિયમ, મેગ્નેશિયમ જેવા તત્વો ભરપૂર માત્રામાં હોય છે. સુપાચ્ય શેરડી પણ જામફળની જેમ રેચક છે. તેમાં રહેલી સાકર શિયાળામાં શરીરને ઉષ્ણતા અને ઊર્જા આપે છે. ધાબે પતંગ ચઢાવતી વખતે શેરડીના ટુકડા ચૂસવાની પ્રથા પડી ગઈ છે. શેરડીનો રસ શરીરમાં ઊર્જા ઉત્પન્ન કરે છે. છોલેલી શેરડી ખાવાથી દાંત મજબૂત બને છે. ફ્રુટ બજારો કાળી શેરડી, બોર, જામફળ ઉપરાંત ઉત્તરાયણની વિવિધ ચીજવસ્તુઓથી રંગબેરંગી જોવા મળી રહ્યા છે. જો કે કોરોના મહામારીને કારણે દર વર્ષની જેમ આ વર્ષે વધારે ભીડ થઈ રહી નથી. શહેરીજનોમાં કોરોના સંક્રમણનો ભય જોવા મળી રહ્યો છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગ દ્વારા રસીકરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના હોમસાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત કોરોના સંક્રમણ અટકાવવા માટે રસીકરણ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હાલ કોરોના વેક્સિન અંગે લોકોમાં કેટલીક ગેરસમજ છે, ત્યારે લોકોમાં સાચી સમજ કેળવાય તે જરૂરી હોવાથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણા અને કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ આ કાર્યક્રમ ઉવારસદ પી.એચ.સી. ખાતે યોજાયો હતો.




પી.એચ.સી.ના પરેશભાઈ પટેલે કોરોનાનું સંક્રમણ અટકાવવા તથા રસીકરણના મહત્ત્વ અંગે ગ્રામજનોને માહિતી આપી હતી. તેમણે ગ્રામજનોને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તર સરળ ભાષામાં આપ્યા હતા. આ કાર્યક્રમમાં પબ્લિક હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ.સરોજીની ચૌધરી પણ હાજર રહ્યાં હતાં. હોમસાયન્સ વિભાગના અધ્યક્ષ શ્રી ક્રિષ્ના ઠક્કરે ડૉ.સરોજીનીનું જ્યારે ડૉ.નીતા ચૌધરીએ પરેશભાઈ પટેલનું પુસ્તક અને પુષ્પથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું.

# મહાનગર ભાજપા કિસાન મોરચા દ્વારા ‘શ્રી કમલમ’, સે-૨૧ પાસે ‘કોંગ્રેસ સદબુદ્ધિ મૌન ધરણા કાર્યક્રમ’ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પંજાબમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અંગે થયેલી ચૂક મામલે કોંગ્રેસ લાજવાની જગ્યાએ ગાજી રહી છે, નિન્મસ્તરની હલકી રાજનીતિ કરી પીએમ મોદીનો જીવ જોખમમાં નાખ્યા બાદ પણ કોંગ્રેસના નેતાઓ માફી માંગવાના સ્થાને બેજવાબદાર નિવેદનો આપી રહ્યા છે જે સમગ્ર દેશની જનતા જોઈ રહી છે. ગુજરાત સહિત દેશની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે બનેલ ઘટનાને વખોડી કાઢી છે ત્યારે



સિનિયર નેતૃત્વનાં માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપા દ્વારા ‘કોંગ્રેસ સદબુદ્ધિ મૌન ધરણા’ તેમજ મોદીજીના દીર્ઘાયુ માટે મહામૃત્યુંજયના જાપનું આયોજન થઈ રહ્યું છે જેના ભાગરૂપે આજરોજ ‘શ્રી કમલમ’, સેકટર,૨૧ પાસે ગાંધીનગર મહાનગર ભાજપા કિસાન મોરચા દ્વારા ‘કોંગ્રેસ સદબુદ્ધિ મૌન ધરણા કાર્યક્રમ’ યોજાયો હતો.

આજના આ મૌન ધરણા કાર્યક્રમમાં ભાજપા કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી બાબુભાઈ જેબલીયા, મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી જસવંત પટેલ, મહામંત્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગૌરાંગ પટેલ, કિસાન મોરચાના પ્રભારીશ્રી નરેન્દ્રભાઈ, કિસાન મોરચાના પ્રમુખ હર્ષદ પટેલ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં રાષ્ટ્રીય યુવા દિવસની જોશપૂર્ણ ઉજવણી

## સ્વામી વિવેકાનંદની જન્મજયંતિએ શહેરની શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓએ અનેકવિધ પ્રવૃત્તિઓ યોજી : શહેરના યુવાઓએ સોશિયલ મિડીયામાં સ્વામીજીના સંદેશ અપલોડ કર્યા

**સ્વામી વિવેકાનંદ માત્ર આધ્યાત્મિક પુરુષ તરીકે નહીં પરંતુ યુવાશકિતના ધસમસતા ધોધ સાથે દેશભરના યુવાનો માટે આદર્શ પ્રેરણાત્મક વ્યકિતત્વ ધરાવતી વિરલ વિભૂતી તરીકે ઓળખ ધરાવે છે. આજે તેમની જન્મજયંતિ દેશભરમાં ‘રાષ્ટ્રીય યુવા દિવસ’ તરીકે ઉજવાઈ હતી. ગાધીનગરમાં પણ વિવેકાનંદજીની જન્મજયંતિ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓથી માંડીને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અલગ અલગ રીતે ઉજવવામાં આવી હતી. જેમાં શહેરના યુવાઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા. આજના દિવસે શહેરના યુવાઓએ સોશિયલ મિડીયા પર પણ સ્વામી વિવેકાનંદની તસવીરો સાથે તેમના સંદેશ સે’ર કર્યા હતા.**

●●●

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્વામી વિવેકાનંદની ૧૫૯મી જન્મજયંતી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. સાંપ્રત સમયે યુવાનોના પ્રેરણામુર્તિ સ્વામી વિવેકાનંદ વિશે લખાયેલાં પુસ્તકો જેવા કે, વિશ્વશાંતિનો સંદેશ, સ્વામી વિવેકાનંદ, સ્વામી વિવેકાનંદનું સમાજ દર્શન, સ્વામી વિવેકાનંદઃ ભાષણો અને લેખો, સ્વામી વિવેકાનંદની આત્મકથા, સ્વામી વિવેકાનંદનું શિક્ષણ દર્શન વગેરે પ્રદર્શન સ્વરૂપે ગોઠવાયા હતા. મુલાકાતીઓ સ્વામી વિવેકાનંદના પુસ્તકોથી પરિચિત બને, વાંચન કરતાં થાય, સદવિચારો મેળવી રાષ્ટ્રવિકાસ કામાર્થે ઉપયોગી બને તેવા હેતુ સાથે મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, કિશન પંચાલ, મેહુલ રાવળ અને જતિન સોલંકીના સહકાર દ્વારા સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્વામી વિવેકાનંદના ૨૫ પુસ્તકોનું પ્રદર્શન ગોઠવી સ્વામી વિવેકાનંદની ૧૫૯મી જન્મજયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



●●●

**સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે યોગ શિબિર યોજાઈ**





શ્રી સ્વામિ વિવેકાનંદજી જયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીનાં હેતુ થી સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે સંસ્થાના આચાર્યશ્રી ડૉ એમ. જી. ભટ્ટની પ્રેરણા અને માર્ગદર્શનથી જીમખાના સમિતિ દ્વારા શ્રી યુવા ભારત પતંજલિ યોગ સમિતિ અને શ્રી માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા ભારત પતંજલિ યોગ સમિતિનાં યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરી(ગુરુજી) દ્વારા યોગ તાલીમ આપવામાં આવી હતી. યોગ શિબિરના આયોજનમાં યુવા અધ્યક્ષ શ્રી પ્રકાશભાઈ વણઝારા અને માનસ યોગ સેવા ટ્રસ્ટ થી શ્રી જિતેન્દ્રભાઈ મેહતા, શ્રી જૈમિનભાઈ વૈદ્ય, શ્રી કનુભાઈ અને ડૉ નેહલબેન દેસાઈ તેમજ સંસ્થાની એન.સી.સી. યુનિટ અને એન.એસ.એસ. યુનિટ એ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમમાં કોરોનાની ગાઈડ-લાઈનનું પાલન કરી બહોળી સંખ્યામાં સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યોગ શિબિર બાદ માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા તૈયાર કરેલ આરોગ્યપ્રદ પીણાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની પ્રેરણા યોગક્રિયા સાથે જોડાયેલ સંસ્થાની જીમખાના સમિતિનાં ચેરમેન શ્રી ડૉ કે. બી. ઝણકાટ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના તમામ વિભાગો તેમજ શ્રી ડૉ ડી.એ ઓડેદરા, પ્રો. એમ.જી પટેલ, ડૉ. જી.આર.પટેલ, ડૉ. યુ.પી.તરપદા અને પ્રો. પ્રજ્ઞાબેન પ્રજાપતિ એ વિશેષ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ જિજ્ઞાસા વાઘેલા દ્વારા તેમજ સમાપન ડૉ યુ.પી. તરપદા દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ**

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાલિત એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવીહતી. જેમાં શાળાના બાળકોને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિવેકાનંદના જીવન અને કવન વિશે સમજાવવામાં આવ્યું હતું. અને પ્રેરણાદાયક વિડિયો પણ બતાવવામાં આવ્યા હતા. તેઓશ્રીના પ્રેરણાદાયી વિચારો બાળકો તેમના જીવનમાં અનુસરે તે હેતુથી સ્કૂલ ફેકલ્ટીઝ દ્વારા તેઓશ્રીના ઉત્તમ વિચારોનો આચરણ કરવા માટે બાળકોને જણાવવામાં આવ્યું હતું.




●●●

**સરસ્વતી વિદ્યાલય**

સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે સેક્ટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ ૧ થી ૭ માં ઓનલાઈન વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ ગઈ. તમામ શિક્ષક શ્રી ઓના માર્ગદર્શન હેઠળ બધા જ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લીધેલ બાળકોએ ખૂબ સરસ રીતે નિબંધ લેખન કર્યું હતું. ઉપરાંત વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોએ સ્વામી વિવેકાનંદજીના જીવન વિશે, તેમના કાર્યો વિશે ખુબ સરસ રીતે ચિતાર આપ્યો હતો. શાળાના શિક્ષક મિત્રો દ્વારા પણ બાળકોને સ્વામી વિવેકાનંદજીના જીવન દર્શન કરાવ્યા હતા અને સ્વામી વિવેકાનંદ જેવા ગુણો બાળકો પણ પોતાનામાં વિકાસાવે તેમજ તેમના જીવનમાં સ્વામી વિવેકાનંદના આદર્શો અનુસાર ચાલે તેમ સમજાવ્યું હતું. કાર્યક્રમના ભાગરૂપે વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શાબ્દિક પ્રોત્સાહિત કર્યા હતા અને તમામ વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ અભિનંદન આપ્યા હતા.




●●●

**સરકારી વાણિજય કોલેજ**



સરકારી વાણિજય કોલેજ ખાતે લાઈબ્રેરી ડિપાર્ટમેન્ટ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના લાઈબ્રેરીયન પી.બી. ચાવડા દ્વારા વકતૃત્વ સ્પર્ધા, બુક રીવ્યુ સ્પર્ધા તેમજ પુસ્તક પ્રદર્શનનું આયોજન રાખવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે જિલ્લા ગ્રંથાલયના લાઈબ્રેરીયન ડૉ. જયરામભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




●●●

**એસ.એસ.વી. શાળા**

એસ.એસ.વી. શાળામાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદ વિશે નિબંધ, સ્લોગન, ચાર્ટ જેવી પ્રવૃત્તિ કરીને આ દિવસની ઉજવણી કરી હતી.

●●● **સિધ્ધાર્થ લો કોલેજ**

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની સિધ્ધાર્થ લૉ કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ જણાવ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કોલેજમાં આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે નેશનલ યુથ ડેની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં ઓનલાઈન તેમજ ઓફલાઈન એમ બંને પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.




●●●

**સાયન્સ સિટીનો યુથ એંગેજમેન્ટ ઈન સાયન્સ પ્રોગ્રામ વેબિનાર**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત સાયન્સ સિટી અને યુએનડીપી-ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે તા. ૧૨મી જાન્યુઆરીના રોજ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર યુથ એંગેજમેન્ટ્સ ઈન સાયન્સ (યસ) થીમ પર રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાઈ હતી. યુથ એંગેજમેન્ટ ઈન સાયન્સ પ્રોગ્રામ વેબિનારને સી-ડેકના વરિષ્ઠ નિયામક આશિષ પી. કુવેલકર, ઈન્ટેલ એઆઈ લીડ કોચ કુ. અંબિકા, યુએનડીપી-ઈન્ડિયાના ગુજરાત સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસર અર્જુન કૌરવ, આઇ-ક્રિએટના પ્રોગ્રામ પહેલ હેડ સિદ્ધાર્થ પારીક અને આઈહબના સીઈઓ હિરન્મય મહંતાએ યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એચ.એસ. મોદીએ સામાજિક વિકાસમાં યુવા સશક્તિકરણના મહત્વ પર ચર્ચા કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહૂએ મહાનુભાવો અને પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું અને ‘યસ’ પર કાર્યક્રમની ઝાંખી આપી હતી. તેમણે રાજ્યની એસટીઆઈ નીતિના ભાગરૂપે રાજ્યની વિવિધ કોલેજો અને યુનિવર્સિટી વિભાગોમાં સુપર કોમ્પ્યુટિંગ લેબ, ડિઝાઈન લેબ અને ઈનોવેશન લેબના ચાલી રહેલા કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી. કાર્યક્રમમાં વિજ્ઞાન, ઈજનેરી સંસ્થાઓ અને યુનિવર્સિટી વિભાગોના વિદ્યાર્થીઓ, ઈનોવેશન ક્લબના સભ્યો, કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયોજકો, શિક્ષકો અને સમગ્ર દેશમાંથી વિદ્વાનોએ વેબિનાર સત્રોમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



## જન્મદિને વધામણી



**ઉરેન પટેલ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



**પ્રેમલસિંહ પી ગોલ**
ડિરેક્ટર
આકાશ ઇન્ફ્રા પ્રોજેક્ટ લિ.
મો. : ૯૮૨૫૮ ૦૩૫૫૩



**દશરથલાલ એમ પરમાર**
સહમંત્રી, આરોગ્ય કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૫૭૪૧ ૨૨૦૨૩



**પ્રજ્ઞા ગજ્જર**
કોરિયોગ્રાફર
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧



**ભાવેશકુમાર પી ઠાકર**
મો. ૭૯૯૯૦ ૧૩૧૮૩



**વિધિ કેતનભાઈ પંડ્યા**



**તૃષા પટેલ**

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રવેસિયા પ્રફુલભાઈ ચુનીલાલ, ઉ.વ. ૫૪, અડાલજ ત્રિમંદિર
- સ્વ. ઠાકોર કેશરબેન બાજુજી, ઉ.વ. ૮૨, ભાઈજીપુરા